R.N.I. No. : 66450/97 Ahmedabad Jurisdiction
ટે.નં.૦૭૯-૬૫૨૧૪૭૫૬ (મો).૯૮૨૫૧૬૯૩૮૬
અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતું સાપ્તાહિક

# ગરવી નવક્રાન્તિ

http://jagadishchristian.com
email:garvinavkranti @ yahoo.com
તંત્રી : પ્રશાંત ધોળકીયા .મેનેજીંગતંત્રીઃ મિનાક્ષી ધોળકીયા
ESTD.YEAR- 20•ISSUE: 14/15 DATE: 09-04-2016•SATURDAY•PAGES: 4•PRICE Rs.1•YERLY SUB: Rs. 60/

આપનું લવાજમ બાકી છે ?
હા( )ના( )

If undelivered pl.return to
સરનામામાં સ્ટીકર ઉખાડ્યા વગર
પરત કરો

કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ
પી.ટી.કોલેજરોડ,નારાયણનગર
પાલડી,અમદાવાદ-૭

## શિંગળાપુર શનિ મંદિરમાં મહિલાઓના પ્રવેશ માટે હાઇકોર્ટે આપેલા આદેશનું સરકાર દ્વારા જ ઉલ્લંઘન

બોમ્બે હાઈકોર્ટે આપેલા આદેશ છતાં પણ અહેમદનગર જિલ્લાના શનિ શિંગળાપુર મંદિરમાં મહિલાઓને પ્રવેશ આપવામાં આવ્યો નહોતો.ઉલટાનું પોલીસે તૃપ્તી દેસાઇ સહિતની આંદોલનકારી મહિલાઓને મંદિરમાં પ્રવેશ કરતાં રોકી હતી.પરિણામે સ્થિતિ બગડી હતી. ભુમાતા રંગરાગિણી બ્રિગેડની મહિલા નેતાએ આ અંગે મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડનવીસની આકરી ટીકા કરી હતી.અને તેમની સામે પોલીસ કેસ કરવા ધમકી ઉચ્ચારી હતી.દેસાઇએ કહ્યુ હતું કે મુખ્યમંત્રીએ હાઈકોર્ટના આદેશનું પણ ધ્યાન રાખ્યુ નથી.ઉલ્લેખનીય છે કે હજુ તાજેતરમાં બોમ્બે હાઈકોર્ટે મંદિરમાં મહિલાઓના પ્રવેશ તેમને હક છે તેમ કહીને રાજ્ય સરકારને તેનું રક્ષણ કરવાનો આદેશ કર્યો હતો.

દેસાઇ અને તેમની બ્રિગેડની મહિલાઓના મંદિર પ્રવેશ પહેલાં સ્થાનિક ગ્રામવાસીઓ અને પોલીસનો ખડકલો થઈ ગયો હતો. અને ૩૦થી વધુને અટકમાં લેવાયા હતા.દેસાઈએ કહ્યુ હતું કે આ અંગે તેઓ વડાપ્રધાન મોદીનો સપર્ક કરવા પ્રયત્ન કરશે.

## રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘના નેતા ભૈયાજી જોશીએ ભગવા ઝંડાને રાષ્ટ્રધ્વજ માનવા અને વંદે માતરમ્ ને રાષ્ટ્રગીત ગણવા ભલામણ કરી

દેશના કરોડો દેશવાસીઓને રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘના નેતા ભૈયાજી જોશીએ આપેલા નિવદેનથી આંચકો લાગ્યો હતો. તેમણે કહ્યું હતું કે ભગવા ધ્વજને રાષ્ટ્રધ્વજ માનવામાં કંઇ ખોટું નથી. તિરંગો એ પછી બન્યો છે.તેમણે જનમનગણ ને બદલે વંદે માતરમને રાષ્ટ્રગીત તરીકે ગણવાની પણ ભલામણ કરી હતી.મુંબઈની દિનદયાળ ઉપાધ્યાય રિસર્ચ ઈન્સ્ટીટ્યુટમાં પ્રવચન દરમિયાન જોશીએ કહ્યુ હતું કે જનમનગણ થી મનમાં એ ભાવ પેદા નથી થતો જે વંદે માતરમ થી જન્મે છે.જનગણમનની રચના પછી થઈ હતી. આપણે તેને સન્માન આપવું જોઈએ. પરંતુ એ રાષ્ટ્રગીત છે જે બંધારણ થકી નક્કી થયું છે.જો કોઈ સાચો મતલબ ધ્યાનમાં લે તો વંદે માતરમ ખરુ રાષ્ટ્રગીત છે.તેમ જણાવતાં જોશીએ કહ્યુ હતું કે આપણે બંધારણથી ઊભી કરાયેલી બાબતો અંગે વિચારીએ છીએ.કોઈ વિવાદ ન સર્જાય તે હેતુથી પાછળથી સંઘના પ્રવક્તા મનમોહન વૈદ્યે કહ્યુ હતું કે જોશીએ રાષ્ટ્રગીત કે ધ્વજમાં ફેરફારની માંગણી કરી નથી.તેઓ ફક્ત બંને વચ્ચેનો ભેદ બતાવતા હતા.ભાઈઓ ભારત માતાકી જય બોલવું જરુરી છે, જેઓ ભારતને ભોગભુમિ માને છેતેઓ ભારત માતાની જય એ માટે બોલવું જોઈએ કે તેનાથી દેશના તમામ બંધુઓમાં માતૃભાવ જન્મ લેશે.તમામમાં ભાઈચારો જન્મશે. એમ જોશીએ કહ્યુ હતું. આનાથી વિશેષ જોશીએ કહ્યુ હતું કે હમ બુલબુલે હૈ ગીત પણ અમને મંજુર નથી કેમકે ગુલીસ્તાં મટી જશે તો પણ અમે અહીં જ રહીશું.દેશમાં સાંપ્રદાયિકતા ફેલાએિ પછી જ ધર્મનિરપેક્ષતાની ભાવન બની હતી. ભારતમાં ધર્મનિરપેક્ષની જરુર નથી કેમકે એ સાંપ્રદાયિક છે.આ નિવેદનો પછી વિવાદ શરુ થઈ ગયો છે.જોશીએ કહ્યુ હતું કે હું ખરેખર બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાયે લખેલી કવિતા વંદેમાતરમ ની પ્રશસા કરુ છું.હું માતાને બિરદાવું છું. માતૃભુમિને નમન કરુ છું.માતૃભુમિની સ્તુતિ કરવાથી ભારતની આઝાદીની ચળવળમાં ઘણી સફળતા મળી છે. ઉલ્લેખનીય છે કે ૧૯૫૦માં આ ગીતના પ્રથમ બે પંક્તિઓને રાષ્ટ્રગીતનો દરજ્જો સત્તાવાર રીતે અપાયો હતો.

## બિહારમાં દારુબંધી દાખલ કરીને નિતિશકુમારે પોતાનું વચન પાળી બતાવ્યું

બિહારમાં નીતિશકુમારે ચુંટણીમાં બોલેલુ પાળી બતાવ્યું છે.ખરેખર તેઓ દારુબંધીનો ફટાફટ અમલ કરી નાંખશે તેવો કોઈને પણ ખ્યાલ નહોતો.પહેલી એપ્રિલે રાજ્યમાં દેશી દારુના પીઠા બંધ અને કારખાના બંધ કરાવી દીધા.બિહારમાં ગ્રામીણ ઈલાકાઓમાં દેશી દારુને કારણે મહિલાઓ-પરિવારો સૌથી વધુ પરેશાન હતાં અને તેને કારણે તેની પર નિયંત્રણ સૌથી પહેલું આવે તે જરુરી હતું.નીતિશે તેમ કરી બતાવ્યું.દેશી દારુ પછી છ મહિના સુધી ક્રમશ : રાજ્યમાં દારુબંધી લાદવાની તેમની યોજના હતી.જો કે તેમણે સંપુર્ણ દારુબંધીનો અમલ તાજેતરમાં જાહેર કરી દીધો,અને સૌને ચોંકાવી દીધા.હવેથી બિહારમાં દેશી કે ઈગ્લીંસ કોઈપણ પ્રકારનો દારુ વેચવો, ખરીદવો અને બનાવવો ગુનો બનશે. ગુજરાત,નાગાલેન્ડ અને મિઝોરામ પછી બિહાર ચોથુ રાજ્ય એવું બનશે જ્યાં દારુબંધી હશે.કેરળમાં અગાઉ દારુબંધીના મામલે થોડી રકઝક ચાલી છે. પરંતુ ત્યાં પણ તેના પર પ્રતિબંધ હવે અનિવાર્ય બની ગયો છે.

નીતિશકુમાર સહુ પ્રથમ વિધાનસભામાં તમામ સભ્યો ૨૪૩ વિધાનસભ્યોને શપથ લેવડાવ્યા કે તેઓ હવે દારુને અડશે નહીં.ભારતમાં પહેલી વાર પક્ષાપક્ષી છોડીને આ રીતે કાયદો ઘડનારાઓએ શરાબ નહીં પીવાના સોગંદ લીધા તે ખરેખર આશ્ચર્ય જનક બાબત છે.નીતિશે ચાર મહિના પહેલા ચુંટણી આપેલ વચન પાળી બતાવ્યું છે.બિહારની મહિલાઓ પુરષોના શરાબ સેવનથી કેટલી કંટાળી હશે કે તેમણે નીતિશ પર વિશ્વાસ મુકીને તેમને આ મુદ્દે વોટ આપ્યા.ગ્રામીણ વિસ્તારોમાં દેશી દારુ પર પ્રતિબંધ પછી શહેરમાં પીવાની છુટ આપવાની નીતિશની જાહેરાત સામે મહિલાઓએ મોરચો માંડ્યો અને કહ્યું કે તેમને રાજ્યમાં ક્યાંય પણ શરાબની હાટડીઓ જોઈતી નથી.ત્રણ દિવસમાં સરકાર પર દબાણ એટલું વધ્યું કે નીતિશકુમારને બિહારમાં સંપુર્ણ દારુબંધીનો અમલ કરાવવાનું એલાન કરવું પડ્યું.દારુબંધીને કારણે રાજ્યની તિજોરીને૪૦૦૦કરોડનું નુકશાન જશે

## પઠાણકોટમાં થયેલ આતંકી હુમલાની તપાસ માટે આવેલ પાકિસ્તાનની તપાસ ટીમે હુમલાને ભારતનો ડ્રામા ગણાવ્યો

પઠાણકોટ એરબેઝમાં આતંકી હુમલો થયો એ અંગે એક તપાસ ટીમ પાકિસ્તાનથી આવી હતી.તેમણે કરેલી તપાસ બાદ જણાવ્યુ હતું કે આ હુમલો એક ભારતનો ડ્રામા હતો. અને ભારતે તે માટેનો તખ્તો તૈયાર કર્યો હતો.તપાસ ટીમે ભારત તરફથી સહકાર મળ્યો નહી હોવાનો પણ આરોપ મુક્યો હતો.પાકિસ્તાની રીપોર્ટમાં જણાવાયું હતું કે આતંકવાદીઓ પાકિસ્તાનથી આવ્યા હતો તેવા કોઈ પુરાવા ભારત પાસે નથી.એટલું જ નહીં પરંતુ રિપોર્ટમાં એનઆઈએના અધિકારી તંઝીલ અહેમદ ખુન કેસનું પણ કનેકશન પઠાણકોટ સાથે જોડી દેવાયું હતું.પાકિસ્તાનની તપાસ ટીમે કહ્યું હતું કે ભારતે તંઝીલની હત્યા કરાવીને ભારત આ કાવતરા પર પડદો પાડવા માંગે છે.પઠાણકોટ એક ડ્રામા હતો અને પાકિસ્તાન બાજુએથી કોઈ પ્રકારની ઘુસણખોરી થઈ હોવાનું નિશાન મળ્યું નથી.




પાકિસ્તાનના એક દૈનિક પાકિસ્તાન ટુડે ના ન્યુઝ રિપોર્ટમાં જણાવાયું હતું કે આ હુમલો કંઈ જ નથી. પરંતુ પાકિસ્તાનને બદનામ કરાવાનો એક પેતરો છે.કેમકે, ભારતીય સત્તાવાળાઓ પાસે તેમના દાવાને સમર્થન મળે તેવા કોઈ પુરાવા નથી.ભારતને આ હુમલા અંગે અગાઉથી જાણકારી હતી.

પાકની તપાસ ટીમના લીક થયેલા રિપોર્ટમાં જણાવાયું હતું કે હુમલાના કલાકોમાં જ તમામ હુમલાખોરોને સલામતી દળના જવાનોએ મારી નાંખ્યા હતા.પરંતુ આ ઘટના તરફ વિશ્વનું ધ્યાન દોરાય તે માટે ભારતીય સત્તાવાળાઓએ તેને જાહેર કરવામાં ત્રણ દિવસનો ડ્રામા ચલાવ્યો હતો.

જો કે ભારતીય સત્તાવાળાઓએ આ તપાસ ટીમનો રિપોર્ટને બકવાસ ગણાવ્યો હતો.સરકારના એક સુત્રે કહ્યુ હતું કે આંતરરાષ્ટ્રીય ચકાસણીમાં મકી શકાય તેવા પુરાવાઓ અપાયા હતા.ભારતે આ હુમલામાં પાક.સ્થિત આતંકવાદીઓની સામેલગીરી અંગે ટીમને સચોટ પુરાવા આપ્યા હતા.ટીમે જે કંઈ માંગણી કરી તે આપવામાં આવ્યુ હતું.જેમાં સાક્ષીઓના નિવેદનોની સર્ટીફાઈડ કોપીઓ,ચાર આતંકવાદીઓના ડીએનએ રિપોર્ટ્સ, તેમની પાસેથી મળેલ વસ્તુઓના મેમાનો સમાવેશ થાય છે.

ભારતમાં પાંચ દિવસ માટે મહેમાન ગતિએ આવેલ પાકિસ્તાનની તપાસ ટીમની બરાબર આગતા સ્વાગતા કરવામાં આવ્યા હતા.તેઓએ તપાસનું નાટક કરીને છેવટે માદરે વતન જઈને એવો ઘટસ્ફોક કર્યો કે આપણે ખળભળી ગયા.ભારત હવે પાકિસ્તાનના આક્ષેપોથી મુંઝાઈ ગયું છે.આપણે માત્ર આ આક્ષેપોને ફગાવી દેવા સિવાય બીજુ કશું કરી શકીએ તેમ નથી.ભારત તરફથી કઈ ચુક થઈ છે કે થઈ રહી છે તે બાબતે વિચારવું રહ્યું.

જો કે પાકિસ્તાનના આક્ષેપોથી વિપક્ષો મોદી સરકારને ઘેરવાનો પ્રયાસ કરશેજ.ભારતે પાકિસ્તાનને હરખપદુડા થઈને આમંત્રણ આપીને જાતે જ આ ઘોર અપમાન ઉભુ કર્યુ છે.પાડોશી દેશ સાથે મુર્ખતાભર્યા સંબધોને કારણે આપણે જે સહન કરવું પડે તે આપણી નરી મુર્ખતા સિવાય કંઈ નથી.આ અગાઉ બાજપાઈજી લાહોરમાં બસ લઈને ગયા અને બીજી બાજુ કારગીલમાં પાકિસ્તાને કારસ્તાન કર્યું.વડાપ્રધાને જે સારા સબંધોની સ્થાપના કરવા માટે સાહસ કર્યું તેનું ધાર્યું પરિણામ આવ્યું નથી.

ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો
http://jagadishchristian.com
ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુક http://facebook.com/robin.dholakia ઉપર પણ જોઈ શકાશે.

# ગરવી નવક્રાંતિ

કાળા નાણાં અંગે લોકસભાની ચુંટણી આવી ત્યારથી ગાજતો પ્રશ્ન છે. ચુટણી વેળાએ ભારતીય જનતા પાર્ટીના નેતાઓ અને હાલના વડાપ્રધાને કાળા નાણાં સામે ઝુંબેશ ચલાવવા માટે પ્રચારનો મારો ચલાવ્યો હતો.પરંતુ હજુ સુધી સ્વીસ બેંકોમાં પડેલા કાળા નાણાં અંગેની પુરતી માહીતી અને નાણાં પાછા લાવવા અંગે કોઇ મહત્વની કામગીરી થઇ હોય તેવું દેખાતું નથી. આ બાબતે દેશની જનતાને ઈન્તજાર છે કારણકે ચુટણી વખતે વચનો અપાયા હતા કે તમારા ખાતામાં સ્વીસ બેકોમાથી આવેલ કાળા નાણાંમાંથી પંદર પંદર લાખ જમા કરવામાં આવશે.અને ૧૦૦ દિવસમા સત્તામાં આવ્યાબાદ આ કરવામાં આવશે. દેશની જનતા હજુ પણ વિશ્વાસે બેઠી છે કે વડાપ્રધાન તેમનું બોલેલું પાળશે.

હમણાં તાજા સમાચારોમાં પનામા ખાતે દેશના કેટલાક ટોચના ઉદ્યોગપતિઓ,અભિનેતા,વેપારીઓ,રમતવીરો અને અન્ય જાણીતી હસ્તીઓના નામો ખુલ્યા છે જેમના કાળા નાણાં અંગે પનામા લીક્સના કેટલાક લીક થયેલા દસ્તાવેજોને કારણે સમાચાર પત્રોમાં પ્રસિધ્ધ થયા છે. વિદેશમાં ગુપ્ત રીતે સંપત્તિ,બેકખાતાઓ કે કંપની ધરાવનાર મહાનુભાવોના નામોમાં ચીનના પ્રમુખ શી જિનપિંગ, રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિન,પાકિસ્તાનના વડાપ્રધાન નવાઝ શરીફ,ફુટબોલ ખેલાડી લાયોનેસ મેસ્સી છે.ભારતના કેટલાક મહાનુભાવોમાં ડીએલએફના માલિક કે.પી.સિંહ અને ગૌતમ અદાણીના મોટાભાઈ વિનોદ અદાણીનો પણ સમાવેશ થાય છે.

જો કે કરચોરી અંગેના દુનિયાના સૌથી મોટા પનામા પેપર લીક્સમાં ૫૦૦ ભારતીયોના નામો ખુલ્યા છે.નાણામંત્રી અને વડાપ્રધાને કાળા નાંણા ધરાવનારાઓ સામે સખ્ત હાથે કાર્યવાહી કરવાનો ઈરાદો બતાવ્યો છે.પરંતુ મોટાભાગના લોકો સામે કાર્યવાહી કરી શકાશે કે કેમ હજુ શંકાના દાયરામાં છે.અભિનેતાએ તો પોતાને આવી કંપનીઓ બાબતે જાણકારી જ નથી એવું કહીને પોતાના હાથ સાફ કરી નાંખ્યા છે.એજ રીતે એ.રાયનું નામ પણ ભુંસાઇ જશે. ખેર કાળા નાણાં બાબતે આપણે ગમેતેટલા ધમપછાડા કરીએ તો પણ એટલુ સરળ નથી કે તેને પાછા લાવી શકાય. જે લોકોના નાણાં આ રીતે ત્યાં પડેલા છે તેઓ એટલા જ કાબા અને હોશીયાર છે જે સરકારની પકડમાં સરળતાથી આવી જાય તેમ માનવું પણ ભુલ ભરેલું છે.આ ઉપરાંત આપણા દેશના અને અન્ય દેશોના કાયદાઓમાં રહેલી વિસંગતાતોને કારણે આપણી ધારણાઓ શક્યતામાં પરિવર્તીત થઈ જાય તે માત્ર હાલ પુરતા સ્વપ્ન જ કહી શકાય. ખેર,કાળા નાણાંના સર્જન પાછળ સામાન્ય નાગરિકો કરતાં રાજકારણીઓનો મોટા હાથ રહેલો છે.

## ક્રિકેટના ટવેન્ટી ટ્વેન્ટી વિશ્વકપની કોલકતા ખાતે રમાયેલી ફાઇનલ મેચમાં વેસ્ટ ઇન્ડીઝે બાજી મારી

કોલકત્તા ના ઇડન ગાર્ડન ખાતે ટ્વેન્ટી ટ્વેન્ટીની ફાઇનલ મેચ ઇંગ્લેન્ડ અને વેસ્ટ ઈન્ડીઝ વચ્ચે રમાઇ હતી.જેમાં વેસ્ટ ઈન્ડીઝના કાર્લોસ બ્રાથવેઇટના અંતિમ ઓવરના ચાર છગ્ગાની મદદથી વેસ્ટ ઈન્ડીઝ ચેમ્પીયન બન્યું હતું.વેસ્ટ ઈન્ડીઝની ટીમ આ પહેલાં ૨૦૧૨માં ચેપ્પીયન બની હતી ત્યારે આ વખતે ઇંગ્લેન્ડને હરાવીને બીજી વખત તેણે વર્લ્ડ ચેમ્પીયનશીપ જીતી હતી. ઇંગ્લેન્ડે પ્રથમ બેટીંગ કરતાં ૧૫૫ રન બનાવ્યા હતા. જેના જવાબમાં વેસ્ટ ઈન્ડીઝે ૧૯.૪ ઓવરમાં છ વિકેટ ગુમાવીને જીત મેળવી હતી.માર્લોન સેમ્યુઅલને મેન ઓફ ધ મેચનો ખિતાબ અપાયો હતો.આ ઉપરાંત મેન ઓફ ધ સીરીઝનો ખિતાબ ભારતના સ્ટાર બેટ્સમેન વિરાટ કોહલીને મળ્યો હતો.

આ ઉપરાંત વેસ્ટ ઈન્ડીઝની મહિલા ટીમ પણ ચેમ્પીયન બની હતી. તેમણે ઓસ્ટ્રેલીયાને હરાવ્યુ હતુ.

## જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦

**વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.**

**આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી**

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬

## પઠાણકોટ હુમલાના તપાસ અધિકારી તંઝિલ અહેમદની ઘાતકી હત્યા

પઠાણકોટના એરબેઝ સ્ટેશન પર થયેલા આતંકી હુમલા સહિતની મહત્વની તપાસ સાથે સંકળાયેલા નેશનલ ઈન્વેસ્ટીગેશન એજન્સીના અધિકારી તંઝિલ એહમદની સુનિયોજીત ઘાતકી હત્યા કરવામાં આવી હતી.લખનઉથી દુર ૧૨૫ કી.મી.દુ બિજનૌર ખાતે પોતાની ભાણીની શાદીમાં હાજરી આપી પરત ફરી રહેલા તંઝિલ અહેમદ પર ગોળી વરસાવવામાં આવી હતી.જ્યારે આ ઘટના ઘટી ત્યારે તેઓ તેમના સાહસપુર ખાતેના નિવાસસ્થાન નજીક અંડર કંનસ્ટ્રકશન પુલ નજીક હતા.ધીમી પડેલ કાર પર હત્યારાઓએ ગોળીઓ ચલાવી હતી.જેમાં તેમના પત્ની પર ગંભીર રીતે ઘાયલ થયા હતા.સદભાગ્યે તેમના બે સંતાનો બચી જવા પામ્યા હતા.

ઉત્તરપ્રદેશ પોલીસએટીએસ,અને એનઆઇએ દ્વારા તપાસનો આરંભ થઇ ચુક્યો છે.હુમલો સુનિયોજીત હતો તે ઘટના પરથી દેખાઈ આવે છે.તંઝિલ અહેમદ સત્તાવાર રીતે પઠાણકોટ તપાસ સાથે સંકળાયેલા હતા.કારણકે ઉર્દુને કારણે તેઓની મદદ લેવાતી હતી.

હત્યારાઓ પાસે ઓટોમેટીક શસ્ત્રો અને ૯ એમએમની પિસ્તોલ હતી જેના દ્વારા હુમલો કરાયો હતો.એનઆઈએના ખાસ પોલીસ અધિકારીને ઠાર મારી દેવામાં આવે તો પછી સરકારે વધારે ચિંતિંત થવાની જરુર છે.કારણકે સલામતી રક્ષકો કરતાં હત્યારાઓ વધુ ચાલાક અને સફળતા પુર્વક તેમનું કાર્ય કરે છે.

**ગ્રાહક મિત્રોને વિનંતી.**

આપનું લવાજમ બાકી છે/ પૂરું થયેલ છે.સરનામાની ટીકડી ચેક કરો.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬- ૦૭૯ ૬૫૨૧૪૭૫૬

## ગુજરાત સરકારનો મહત્વનો નિર્ણય : સરકારી હોસ્પીટલોમાં પોસ્ટમોર્ટમની કાર્યવાહી હવે ૨૪ કલાક મળી શકશે

અકસ્માત, પાણીમાં ડુબવા કે અન્ય કોઇ પણ રીતે થતાં માનવ મૃત્યુના પ્રસંગે મોતનું કારણ જાણવા માટે પોસ્ટ મોર્ટમ કરવું જરુરી છે. ગુજરાત સરકારની આ સેવાઓ આપતી હોસ્પીટલો માત્ર દિવસે જ પોસ્ટ મોર્ટમ થતું હોવાનું બહાનું કાઢીને મૃતકોના આપ્તજનો,સગા સબંધીઓને આખી રાત બેસાડી રાખતી હોવાની વ્યાપક ફરિયાદને લક્ષમાં લઈને સરકારે પોતાની ગ્રાન્ટ પર નભતી હોસ્પીટલોમાં પોસ્ટ મોર્ટમની સેવા ૨૪ કલાક આપવાની જાહેરાત કરી છે.આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણના અધિક નિયામકની સહી એક અધિસુચના દ્વારા પ્રાથમિક,સામુહિક, સબ ડ્રિસ્ટિક અને જિલ્લા કક્ષાની સરકારી હોસ્પીટલોને આદેશ કરવામાં આવ્યો છે.તેમાં જણાવવામાં આવ્યું છે કે જે તાલુકા મથકોએ સરકારી હોસ્પીટલોમાં પોસ્ટ મોર્ટમની વ્યવસ્થા ન હોય ત્યાં ગ્રાંન્ટ મેળવતી સંસ્થાઓની હોસ્પીટલોએ પણ ૨૪ કલાક આ સેવા આપવાની રહેશે.એટલું જ નહી પોસ્ટ મોર્ટમની વ્યવસ્થાઓ જ્યાં ઉપલબ્ધ છે તેવી તમામ હોસ્પીટલોએ આ દવાખાનામાં દિવસ રાત પોસ્ટ મોર્ટમ થાય છે તેવા લખાણ સાથેના બોર્ડ સામાન્ય નાગરિકોને દેખાય અને વંચાય તે રીતે મુકવાના રહેશે.જો હોસ્પીટલનો સ્ટાફ અસામાન્ય સંજોગોમાં મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરવાનો ઈન્કાર કરે તો નાગરિકો તેની રજુઆત કે ફરિયાદ તત્કાળ ગાંધીનગર સ્થિત આરોગ્ય કમિશ્નરને કરી શકશે

અકસ્માત વખતે તો તત્કાળ પોસ્ટમોર્ટમ થવું જોઇએ તેવી સ્પષ્ટસુચનાઓ આપતાં આદેશમાં એમ પણ કહેવાયું છે કે પોઇઝન કે અન્ય શંકાસ્પદ કેસ સિવાય તમામ પ્રકારની ઘટનાઓમાં મૃતદેહને લાંબો સમય પડી રાખનારાઓ સામે કાર્યવાહી થઇ શકે છે.

ગુજરાત સરકારે પોસ્ટ મોર્ટમ ૨૪ કલાક થઇ શકે તે માટે કરેલા આદેશથી અનેક લોકો તેમના સગા સબંધીઓ જેઓ અકસ્માતમાં કે અન્ય ઘટનાઓમાં મૃત્યુ પામે ત્યારે પોસ્ટ મોર્ટમ થઇ નહી શકવાને કારણે લાંબો સમય સુધી ઈન્તજાર કરવો પડે છે અને અનેક તકલીફોનો સામનો કરવો પડે છે.તેથી આ નિર્ણયને કારણે સામાન્ય જનતાને તકલીફોમાંથી મુક્તિ મળશે.

## ૨૦૦૨ના ગુજરાતના કોમી રમખાણોની ઘટનાઓ કોર્ટ સુધી લઇ જનાર સબરંગ એનજીઓનું લાઇસંન્સ રદ થશે

સબરંગ નામની એનજીઓ ચલાવનાર તિસ્તા સેતલવાડની સંસ્થા પર સરકારી તવાઈ ઉતરી આવી છે.કેન્દ્રીય ગૃહ મંત્રાલયે આ એનજીઓને વિદેશી ફંડ મેળવવા પર પ્રતિબંધ મુકી દીધો છે.ફોરેન કન્ટ્રીબ્યુશન (રેગ્યુલેશન)એક્ટ (એફસીઆરએ) અંતગર્ત સબરંગનું લાઈસંન્સ રદ કરવા માટેની તજવીજ હાથ ધરાઈ છે. ગૃહ મંત્રાલયના પ્રવક્તાના જણાવ્યા પ્રમાણે સબરંગનુ લાયસંન્સ રદ કરવાનો પ્રોસેસ જારી છે.તિસ્તા સેતલવાડના એનજીઓ સબરંગ દ્વારા ૨૦૦૨ના ગુજરાતના કોમી રમખાણોની ઘટનાઓને કોર્ટ સુધી પહોચાડવામાં આવી હતી. ગુજરાતના કોમી રમખાણોની ઘટનાઓ બાબતે તિસ્તા સેતલવાડ તે વખતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના ટીકાકાર રહ્યા છે. ગયા વર્ષે સપ્ટે ૯ તારીખે એનડીએની સરકારે કેટલાક નિયમો ટાંકીને સબરંગનું લાઈસંન્સ સસ્પેન્ડ કરી દીધું હતું.જો કે ૧૮૦ દિવસનું આ સસ્પેન્સન ૧૦મી માર્ચે પુરુ થયું હતું.સબરંગને ઓક્ટો ૨૦૧૫ સુધીમાં સરકારને જવાબ આપી સબરંગે તેને મળતા તમામ ડોનેશનની સ્પષ્ટતા સરકારને કરી હતી.જો કે ગૃહમંત્રાલયને તે અપુરતી લાગી હતી.ટીકાકારો પર તવાઈ આવવી એ નવાઈની વાત નથી.ભુતકાળમાં ભારતીય જનતા પાર્ટીની વિરુધ્ધ કાર્યવાહીમાં ભાગ લેનાર એનજીઓ સામે હાલની સરકાર બદલો લઇ હોવાની ભાવના કેટલીક એનજીઓએ વ્યક્ત કરી હતી.પરંતુ તેઓએ ફંડ અંગેના નિયમોનું પાલન કર્યુ નથી તેવું દોષારોપણ સરકાર તરફથી પણ કરવામાં આવ્યું છે.

**AGNELO FREE MARRIAGE SERVECES, INDIA**

agnelofreemarriagebureau@gmail.com.
parmar_kanu2002@yahoo.co.in
http://jagadishchristian.com/
Conact No.0091 9824489344,
(R)0091-2692-260332

## ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી વિભાગ (યુવકો)(૪૧)

| નંબર | શૈક્ષણીક લાયકાત | જન્મ તારીખ | માસિક આવક | મિશન | સ્થિતિ |
|---|---|---|---|---|---|
| ૪૦૭ | એમ.એસ.(અમેરીકા સીટીઝન) | ૧૦-૧૨-૮૭ | ૪૦૦૦૦ડોલર | આર.સી. | કુંવારા |
| ૪૦૮ | બી.ઇ.મીકેનીકલ એન્જી. | ૩-૬-૯૨ | ૧૫૦૦૦ | મેથો. | કુંવારા |
| ૪૦૯ | બીએસસી(કેમેસ્ટ્રી) | ૧૮-૫-૭૯ | ૫૦૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૪૧૦ | બીકોમ.એમબીએ ચાલુ | ૯-૫-૮૭ | ૧૫૦૦૦ | મેથો. | કુંવારા |
| ૪૧૧ | બીએ. ઇઝરાયેલ | ૨૭-૭-૮૫ | ૬૫૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૪૧૨ | એમ.કોમ. ઇન્ટર સીએ | ૨૩-૬-૮૪ | ૪૦૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૪૧૩ | બીઇ.આઇટી. ઇન્ફો.ટેકનો. | ૧૧-૧-૮૬ | ૨૦૦૦૦ | સા.આર્મી. | કુંવારા |
| ૪૧૪ | હોમલેન્ડ સીક્યુ. એમ.એ. અમેરીકા સીટીઝન | ૨૯-૯-૮૦ | ૬૫૦૦૦ડોલર | મેથો. | કુંવારા |
| ૪૧૫ | બીઇ.ઇલેક્ટ્રીકલ એન્જી. | ૨૮-૪-૯૨ | - | મેથો. | કુંવારા |
| ૪૧૬ | બીકોમ.પીજી ડીપ્લોમા.એમબીએ ચાલુ | ૭-૧૧-૮૭ | ૧૫૦૦૦ | સીએનઆઇ | કુંવારા |
| ૪૧૭ | બીકોમ.એમબીએ ફાઇનાન્સ.સીબીએમ.પીજીડીબી | -૭-૭૯ | ૪૦૦૦૦ | મેથો. | કુંવારા |
| ૪૧૮ | ૧૨પાસ.આઇટીઆઇ ફીટર ( આફ્રિકા) | ૨૧-૧૧-૮૮ | ૪૫૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૪૧૯ | બીકોમ.સીએ.ઇન્ટર સીએ ચાલુ | ૯-૧૦-૮૮ | ૮૦૦૦ | સા.આર્મી | કુંવારા |
| ૭૪૩ | ૧૨ સાયંસ, કોમ્પ્યુ.હાર્ડવેર એન્જી. | ૧૭-૨-૭૮ | ૩૫૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૭૪૪ | ૧૨પાસ.મોટર રીવાઇન્ડીંગ,આઇટીઆઇ | ૨૨-૮-૮૫ | ૯૩૦૦ | આર.સી. | કુંવારા |
| ૭૪૫ | એમએ.બીએડ(અંગ્રેજી) | ૨૩-૫-૮૫ | ૧૫૫૦૦ | આર.સી. | કુંવારા |
| ૭૪૬ | માસ્ટર ઓફ કોમ્પ્યુ.એપ્લી.એનસીવીટી | ૩-૧-૮૫ | ૮૦૦૦ | સા.આર્મી. | કુંવારા |
| ૪૪૭ | ૧૨પાસ,આઇટીઆઇ.ઇલેક્ટ્રી.૨વર્ષ | ૧૦-૬-૮૫ | ૧૫૦૦૦ | સા.આર્મી. | કુંવારા |
| ૭૪૮ | બીકોમ.ડીટીપી | ૩૦-૧-૭૯ | ૧૯૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૭૪૯ | ૧૨ પાસ | ૪-૧-૮૮ | ૩૨૦૦૦ | સા.આર્મી | કુંવારા |
| ૭૫૦ | એમએબીએડ | ૨૨-૧૦-૮૫ | ૨૭૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૭૫૧ | ૧૨ પાસ | ૭-૭-૮૪ | ૧૧૦૦૦ | મેથો. | કુંવારા |
| ૭૫૨ | ડીપ્લોમાં ઇન ઓટો.એન્જી. | ૧૩-૫-૭૭ | ૨૫૦૦૦ | મેથો. | કુંવારા |
| ૭૫૩ | ૧૨પાસ.પીટીસી,સીસી કોમ્પ્યુ. | ૨૫-૨-૯૨ | ૮૦૦૦ | અલાયન્સ | કુંવારા |
| ૨૮૨ | બીએ | ૧૨-૯-૭૦ | ૧૫૦૦૦ | સીએનઆઇ | છુટાછેડા |
| ૨૮૩ | સેક્રેટરીકોર્ષ,બીએ.પીજીડીએમ,આઇઆઇપીએમ | ૨૮-૬-૭૧ | ૪૦૦૦૦ | આર.સી. | છુટાછેડા |
| ૨૮૪ | બીકોમ | ૪-૧-૭૧ | ૨૨૦૦૦ | આર.સી. | વિધુર |
| ૨૮૫ | બીઇ ઇલેક્ટ્રીકલ | ૧૧-૮-૭૩ | ૭૦૦૦૦ | આર.સી. | છુટાછેડા |
| ૨૮૬ | ૧૦પાસ,એક્ષરે ટેકની.ડીપ્લો.હોસ્ટપીટ ઇનચાર્જ | ૨૯-૬-૭૫ | ૨૪૦૦૦ | મેથો. | છુટાછેડા |

### ★ યુવતીઓ (૪૧) ★

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૪૦૫ | બીએ.૩ ૧/૨વર્ષ જીએનએમ | ૧-૫-૮૩ | ૧૨૦૦૦ | બેરશેબા | કુંવારા |
| ૪૦૬ | બીએસસી નર્સીંગ | ૨-૧૨-૭૬ | ૧૮૦૦૦ | મેથો. | કુંવારા |
| ૪૦૭ | એમએસસી.બીએડ.(ચાલુ) | ૯-૩-૯૨ | - | આર.સી. | કુંવારા |
| ૪૦૮ | બીકોમ.ઇન્સ્ટુ.ટેકનો.સોફ્ટવેર,ડાયાલીસીસ ટેક. | ૨૪-૭-૮૧ | ૧૪૫૦૦ | સીએનઆઇ | કુંવારા |
| ૪૦૯ | એલએલએમ.(પ્રેક્ટીસ ચાલુ) | ૧૯-૧-૮૮ | - | આર.સી. | કુંવારા |
| ૪૧૦ | એમબીએ.(એચઆર) યુ.કે રીટર્ન | ૧૯-૧૦-૯૦ | - | આર.સી. | કુંવારા |
| ૪૧૧ | પીટીસી.એમએસસી.ઓર્ગે.કેમેસ્ટ્રી.બીએડચાલુ. | ૩૦-૧૦-૮૭ | ૭૫૦૦ | આર.સી. | કુંવારા |
| ૪૧૨ | બીએસસી.બીએડ.એમએસસી ચાલુ. | ૧૪-૫-૮૦ | ૩૫૦૦૦ | સીએનઆઇ | કુંવારા |
| ૪૧૩ | માસ્ટર ઇન ઇકો.કોમ્પ્યુ. | ૨-૨-૯૫ | - | આર.સી. | કુંવારા |
| ૪૮૯ | બીએ.કોમ્પ્યુ.ઓફીસ મેનેજમેન્ટ | ૪-૭-૮૧ | - | સા.આર્મી | કુંવારા |
| ૪૯૦ | બીએ.(ઇકોનોમીક્સ) | ૨૩-૯-૭૯ | - | મેથો. | કુંવારા |
| ૪૯૧ | ડીપ્લોમા.ઇન એમઆર.ચાલઇલ્ડ બીએડ ચાલુ | ૨૧-૬-૮૮ | ૧૦૦૦૦ | મેથો. | કુંવારા |
| ૪૯૨ | ૧૦ પાસ | ૧૦-૧- | - | આર.સી. | કુંવારા |
| ૪૯૩ | પીટીસી | ૨૨-૮-૮૪ | ૧૦૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૪૯૪ | એમએ.એસ.આઇ | ૧૯-૧૨-૮૦ | ૮૫૦૦ | આર.સી. | કુંવારા |
| ૧૬૮ | બીકોમ.જનરલ નર્સીંગ કેનેડા | ૨૯-૭-૭૮ | ૨૦૦૦ડોલર | સીએનઆઇ | છુટાછેડા |
| ૧૬૯ | માસ્ટર ઇન ઇલેક્ટ્રો.એન્ડ કમ્યુની. કેનેડા સીટીઝન | ૩-૧-૮૫ | ૨ લાખ | આર.સી. | છુટાછેડા |
| ૧૭૦ | બીએ.એમ.એ.બીએડ. | ૨૧-૫-૮૧ | ૩૦૦૦ | મેથો. | છુટાછેડા |
| ૧૭૧ | ૩ ૧/૨ વર્ષ જીએનએમ. ડાયાલીસીસ ટેકની. | ૨૦-૫-૮૩ | ૨૦૦૦૦ | આર.સી. | છુટાછેડા |

## ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર

**ડાયરેક્ટરશ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર,**

**પાર્ક સ્ટ્રીટ,મેથોડીસ્ટ નર્સીંગ સ્કુલ સામે,મિશન રોડ, નડીયાદનો સંપર્ક કરવો.**

તેમના ફોન નં. **૯૮૯૮૩૧૮૬૮૫, ૯૭૧૪૫૧૮૩૬૭** છે

(૧) રજીસ્ટ્રેશન ફી યોગ્યતાના ધોરણે લેવામાં આવશે.

(૨)આર્થિક રીતે નબળા વિધવા કે બેરોજગાર વ્યક્તિઓ પાસેથી રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.તેમજ આવી વ્યક્તિઓ જીવનસાથી પસંદગી કેન્દ્રની રૂબરૂ મુલાકાતે આવશે તો પસંદગી કેન્દ્ર તરફથી તેમને ભાડા પેટે વધુમાં વધુ રૂ ૩૦-૦૦ આપવામાં આવશે.

(૩)રજીસ્ટ્રેશન ફી સિવાય લગ્ન પહેલાં કે પછી કોઇપણ જાતની ફી કે નાણાં લેવામાં આવતાં નથી.(૪)લગ્નવાંચ્છુક યુવક - યુવતીઓના બાયોડેટા વિનામુલ્યે જાહેરાત તથા ઇન્ટરનેટ પર મુકવા સંપર્ક કરવો.

(૫)**visit by appointment only**

# ગૌમાંસ ખાવાથી ૧૬૦ પ્રકારના ગંભીર રોગ થવાનો ખતરો



દેશમાં હાલમાં ચાલી રહેલા મુખ્ય વિવાદિત પ્રશ્નોમાં રાષ્ટ્રવાદ અને ગૌપ્રેમ હાલમાં ચરમસીમા પર છે.દેશમાં હિંદુઓ ગાયને માતા તરીકે પુજે છે.પરંતુ સિક્કાની બીજી બાજુ કડવી વાસ્તવીકતા જાણીને આશ્ચર્ય થાય કે દેશમાં વર્ષે ૪ કરોડ ગાયની કતલ થાય છે.છેલ્લા ૧૦ વર્ષમાં અંદાજે ૪૦ કરોડ ગાયની કતલ થઇ હોવાનો અંદાજ છે. આંકડા જાણીને એવું થાય કે જો આ સત્ય હોય તો તે ભયંકર છે.જાહેર કતલખાનામાં જ્યારે ગાયને લાવવામાં આવે છે ત્યારે એ એટલી હદે ભયભીત થઇ જાય છે કે કતલ પહેલાં ગાયના શરીરમાંથી સાલમોનેલા નામનુ ચેપી તત્વ પેદા થાય છે કે જેનું માંસ ખાનારને એક નહી પરંતુ ૧૬૦ પ્રકારના રોગ થાય છે.

અમદાવાદમાં જીવરક્ષા એલર્ટ મૈત્રી ફોરમના ઉપક્રમે એક માંસ નિકાસ નીતિ અને જાહેર કતલખાનાની પર્યાવરણ ઉપર અસરો તેમજ ગ્લોબલ વોર્મિંગ અને કુદરતી આફતો રોકવાના વિષય ઉપર સેમીનાર યોજાયો હતો.સંસ્થાના મતે દેશમાં મોટી સંખ્યામાં જાહેર કતલખાના ધમધમી રહ્યા છે.જેમાં વર્ષે અંદાજે ચાર કરોડ જેટલી ગાયોની કતલ કરાય ચે.છેલ્લા ૧૦ વર્ષનો આંકડો ૪૦ કરોડ નો અંદાજાય છે.તેને રોકવા માટેના ઉપાયો યોજવા જોઇએ.

સિક્કાની બીજી બાજુ વિચારીએ તો જે અંદાજ બતાવાયો છે તે પ્રમાણે જો છેલ્લા ૧૦ વર્ષમાં ૪૦ કરોડની સંખ્યામાં ગાયોની કતલ થઇ છે.તો હાલમાં તેની કુલ સંખ્યા કેટલી. થોડાક સમય પહેલાં ગાયના દુધના કારણે કેટલાક રોગો થાય છે તેની માહિતી પણ સમાચાર પત્રોમાં આવી હતી.અને તેના વૈજ્ઞાનિક સંસોધનોના પુરાવા પર મુકવામાં આવ્યા હતા.જે કદાચ ગૌપ્રેમીઓ માટે અસહ્ય કહેવાય.હવે જો ગૌમાંસનો ઉપયોગ કરનારાઓને ૧૬૦ જેટલા પ્રમાણમાં રોગો થવાની શક્યતા હોય તો છેલ્લા ૧૦ વર્ષમાં કતલ થયેલા ગાયોનું માંસ કોઇકે તો આરોગ્યું હશે.તો તે પ્રમાણે દેશમાં ૧૬૦ પ્રકારના રોગોથી મરનારાની સંખ્યા પણ વિશાળ પ્રમાણમાં હોવી જોઇએ. જે પ્રમાણે છેલ્લા ૧૦ વર્ષના વસ્તીના આંકડા છે તે તો વસ્તી વધારો સુચવે છે.તો તથ્યો સાથે કોઇ મેળ બેસતો નથી. પરંતુ એક પ્રકારની પોતાનો વાત અને વિચારો વધુ અસરકારક બને માટેના પ્રયત્નો કેટલાક કટ્ટરતાવાદી વિચારસરણી ધરાવનાર લોકો અવાનનવાર મુકતા હોય છે અને તેનો તેમને માનસિક રીતે પછાત લોકો પાસેથી સારો એવો પ્રતિભાવ સાંપડતો હોય છે.

ખરેખર તો જરસી ગાયોનું દુધ યોગ્યતા પાત્ર હોતું નથી તેવા અનેક સમાચારો પ્રસિધ્ધ થઇ ચુક્યા છે.જરસી ગાયો પ્રમાણમાં દેશી ગાયો કરતાં વધુ દુધ આપે છે.હવે દુધની અછત સામે ગાયોની કતલનો પ્રશ્ન મુકવામાં આવ્યો છે.અને બચાવ એવો કરવામાં આવ્યો કે ગાયોની કતલ થાય છે માટે લોકોને કૃત્રિમ દુધ પીવું પડે છે.ખરેખર કૃત્રિમ દુધ બનાવનારા અને વેચનારાઓ સામે સખ્ત હાથે કામ લેવાનું વિચારવાનું તો ગૌપ્રેમીઓને સુઝતું નથી. કતલખાને જતી ગાયો કોણ વેચે છે અને કોણ કતલખાને લઇ જાય છે.પશુ પાલકો જ ગાયોને વેચે છે જે એમને કશા કામની હોતી નથી.પરિણામે આવી નકામી ગાયો કતલખાને જાય છે.ગૌપ્રેમીઓએ કતલખાને જતી નકામી ગાયો માટે મોટી પાંજરા પોળોનું નિર્માણ કરવું જોઇએ અને દાખલો બેસાડવો જોઇએ કે તેઓએ આટલી માત્રામાં કતલખાને જતી ગાયો બચાવી છે અને તેઓ તેની માતા તરીકે માવજત કરે છે.

જ્યારે માતા જેવું પુજ્ય નામ બજારમાં ફરે છે ત્યારે યાદ આવે છે કે દેશમાં વૃધ્ધાશ્રમોમાં પોતાના કુળદીપકો દ્વારા તજાયેલી માતાઓ વસવાટ કરે છે.તેમની દરકાર વૃધ્ધાશ્રમોમાં લેવાય છે જ્યારે તેમના કુળદીપકોને કાંઇ પડી હોતી નથી. એજ રીતે રસ્તે રઝળતી ગાય માતાઓની રક્ષા કરનારાઓ ગાય માતાની દુર્દશા પ્રત્યે ધ્યાન આપતા હોતા નથી. માત્ર રાજકીય રોટલા શેકવા નિકળી પડેલા લોકો માટે ગૌમાતા અને રાષ્ટ્રવાદ તેમના માનીતા ફરજંદ છે. બાકી ખરેખર તેમને પોતાનો સ્વાર્થ સિધ્ધ કરવા સિવાય અન્ય કોઇ બાબતે લેશમાત્ર લેવા દેવા નથી.મીડીયા જાણવા છતાં આવા લોકોને છાવરે છે.

## જકાતપાત્ર ચીજો ન લાવતાં પ્રવાસીઓએ ફોર્મ નહી ભરવું પડે

વિદેશમાંથી આવતા પણ જેમની પાસે પ્રતિબંધિત અને જકાતપાત્ર ચીજો નથી તે પ્રવાસીઓને પહેલી એપ્રિલથી કસ્ટમ ડેકલેરેશન ફોર્મ નહીં ભરવા પડે. જોકે જે પ્રવાસીઓ પ્રતિબંધિત અને જકાતપાત્ર ચીજો લાવતા હશે તેમને જ આવા ડેકલેરેશન ફોર્મ ભરવા પડશે.અત્યાર સુધી દેશમાં આવતા તમામ મુસાફરો માટે ફરજીયાત હતું.૨૦૧૬-૧૭ માટેનું અદાજપત્ર રજુ કરતી વેળાએ કેન્દ્રીય નાણાંમંત્રી અરુણ જેટલીએ જાહેર કરેલા અનેક નવા અને સરળ પગલાંના ભાગરુપે આ પ્રક્રિયા શરુ કરાશે.ભારત આવતાં તમામ પ્રવાસીઓ કે જેમને કોઇ જકાતપાત્ર કે પ્રતિબંધિત વસ્તુઓ લાવતા કે તેમને કંઇ પણ જાહેર કરવાનું હોય તો તેઓ ઇન્ડીયન કસ્ટમ્સ ડેકલેરેશન ફોર્મ ભરી શકે છે.કસ્ટમ્સના નવા નિયમોનું યોગ્ય રીતે પાલન થાય તે માટે તમામ જરુરી વ્યવસ્થા કરી દેવામાં આવી છે.અમે તમામ વિમાની કંપનીઓને જાણ કરી દીધી છે કે તેમણે જકાતપાત્ર વસ્તુઓ લાવતા તમામ પ્રવાસીઓને કસ્ટમ્સ ડેકલેરેશન ફોર્મ આપી દેવા જોઇએ. જેને તેઓ ફલાઇટમાં જ ભરી શકે છે.

## રેલ્વેએ ચાર મોટા ફેરફારો લાગુ કર્યા : અડધી ટિકીટ પર બર્થ નહીં મળે

ભારત સરકારના રેલ્વે વિભાગે વર્ષ ૨૦૧૫-૧૬ના રેલવે બજેટમાં ઘણી મહત્વની જાહેરાતો કરી હતી.તે પૈકીના ચાર મોટા ફેરફારોનો અમલ એપ્રિલ માસથી શરુ થઇ ગયો.રેલવેના આ ફેરફારોને લીધે મુસાફરોને સુવિધાની સાથે મુશ્કેલીઓનો પણ સામનો કરવો પડશે.મુખ્ય ચાર ફેરફારોમાં હવે રેલવે હવે અડધી ટિકિટ પર બર્થ નહીં આપવાનો નિર્ણય કર્યો છે.આ નિર્ણયથી ભારતીય રેલવેની ટ્રેનોમાં આશરે કરોડ કરતાં વધારે બર્થ જનરેટ થશે એવો અંદાજ મુકવામાં આવ્યો છે.

અત્યાર સુધીમાં પાંચથી ૧૨ વર્ષના બાળકોને અડધી ટીકીટમાં પણ આખી બર્થ મળતી હતી.હવે પ્રવાસીઓને અડધી ટિકિટ તો મળશે પણ બર્થ મળશે નહીં.આ નિયમનો અમલ ૨૨ એપ્રિલથી શરુ થશે.આ નિર્ણયને કારણે મુસાફરે બર્થ મેળવવા માટે આખી ટિકિટ ખરીદવી પડશે તેના કારણે મુસાફરોના ખિસ્સા પર ભારણ વધશે.સિનિયર સીટીઝન્સ અને ગર્ભવતી મહિલાઓ માટે ભારતીય રેલવે દ્વારા વિશેષ સુવિધાની જાહેરાત કરવામાં આવી છે.

પહેલી એપ્રિલથી સિનિયર સીટીઝન્સ અને ગર્ભવતી મહિલાઓ માટે લોઅર બર્થનો કોટા વધારને ૫૦ ટકા કરવામાં આવ્યો છે.હવે દરેક ટ્રેનમાં વૃધ્ધો માટે ૮૦ થી ૯૦ સીટ રીઝર્વ રાખવામાં આવશે.તેમજ ગર્ભવતી મહિલાઓ માટે ૬ લોઅર બર્થ રિઝર્વ રાખવામાં આવશે.થર્ડ એસી અને સેકન્ડ ક્લાસ એસી કોચમાં પણ ગર્ભવતી મહિલાઓ માટે ત્રણ સીટ રીઝર્વ રાખવામાં આવશે.અત્યાર સુધી મુસાફરોને એડવાન્સ ટિકીટ બુકીંગ કરવા ૬૦ દિવસનો સમય મળતો હતો. પણ હવેથી એડવાન્સ બુકીંગ માટે ગાળો વધારીને ૧૨૦ દિવસનો કરવામાં આવ્યો છે. આ ઉપરાંત મુસાફરોને ટિકિટ કેન્સલેશન માટે વધુ એક સુવિધા શરુ કરવામાં આવી છે કે જેમાં મુસાફરો ૧૩૯ પર કોલ કરી ટિકિટ કેન્સલ કરાવી શકશે.

ટિકીટ કેન્સલ કરાવવા મુસાફરે ૧૩૯ પર કોલ કરી ટિકીટની માહીતી આપવી પડશે. ત્યારબાદ મુસાફરને વનટાઇમ પાસવર્ડ મળશે. મુસાફરે વન ટાઇમ પાસવર્ડ રિફંડ લેતી વખતે ટિકિટ કાઉન્ટર પર બતાવવો પડશે. અન તેના આધારે જ મુસાફરને ટિકીટના પૈસા પરત મળશે

## અમેરીકા ભણવા જતા વિદ્યાર્થીઓ માટે વડોદરામાં કોન્સ્યુલેટ કેન્દ્ર શરુ થશે

અમેરીકા ભણવા જતા ગુજરાતી વિદ્યાર્થીઓ માટે માર્ગદર્શન આપવા માટે અમેરિકન કોન્સ્યુલેટના સહયોગથી ઇન્ડો-અમેરિકન એજ્યુ. સોસા. દ્વારા વડોદરામાં એક કેન્દ્ર શરુ કરવામાં આવશે તેવી વિચારણા ચાલી રહી છે.

ઇન્ડો અમેરિકન એજ્યુકેશન સોસાયટીના પાવન બકેરીએ આ અંગે જણાવ્યુ હતુ કં વડોદરામાં અમેરિકન યુની. મેળાનું આયોજન કરવામાં આવ્યુ હતું.જેમાં જે રીતે વિદ્યાર્થીઓએ પ્રત્યુત્તર આપ્યો હતો તે જોતાં હવે સપ્તાહમાં એક દિવસ માર્ગદર્શન કેન્દ્ર વડોદરામાં જ શરુ કરવાની વિચારણા કરીશું. જો કે અમદાવાદમાં કેન્દ્ર કાર્યરત છે.વડોદરામાં યોજાયેલા આ મેળામાં કોલંબિયા યુની.સ્ટેનફોર્ડ યુની.અને યુની. ઓફ સધર્ન કેલિફોર્નિયા જેવી વીસથી વધારે અમેરિકન યુની.ના પ્રતિનિધિઓ હાજર રહ્યા હતા.

જો કે ભારતમાં ઉચ્ચ અભ્યાસ માટેની તકો હવે ઉજળી બની છે છતાં વિદ્યાર્થીઓમાં પરદેશમાં જઇને ડીગ્રીઓ મેળવવાની ઝંખના વધી રહી છે તેવુ લાગી રહ્યું છે.

## ક્રેગના કેજી બેઝિન અંગે રિપોર્ટના મામલે કોગ્રેસે વડાપ્રધાન પર પ્રહારો કર્યા

ગુજરાત સરકારે ક્રિશ્ના ગોદાવરી (કેજી)બેઝિન ખાતે કરેલા રોકાણ અંગે ક્રેગના રિપોર્ટમાં બહાર આવેલી વિગતના મુદ્દે કોગ્રેસે વડાપ્રધાન મોદી પર નિશાના લગાવ્યા હતા.અને કહ્યુ હતું કે તેનાથી ગુજરાત મોડેલ અને નમો બ્રાન્ડના જુઠ્ઠાણાનો પર્દાફાશ થયો છે. કોગ્રેસે આ મામલે સંયુક્ત સંસદીય સમિતિ દ્વારા તપાસની માંગણી કરી હતી.અને કોગ્રેસ સંસદના આગામી સત્રમાં આ મુદ્દો ઉઠાવશે તેવો સંકેત પણ આપી દીધો હતો.

કોગ્રેસના પ્રવક્તા આનંદ શર્માએ તથા કોગ્રેસના કોમ્યુનીકેશન વિભાગના વડા રણદીપ સુરજેવાલાએ કહ્યુ કે ગુજરાત વિધાનસભામાં ૩૧મી માર્ચે રજુ થયેલા ક્રેગના રિપોર્ટમાં તત્કાલિક મુખ્યમંત્રી મોદી સરકાર સામે ગંભીર દોષારોપણ કરાયું છે.અને વિશ્વાસનો ભંગ થયો છે.સુટબુટવાળા મિત્રો ગેરકાયદે ધનવાન બન્યા છે.અને બદઇરાદાને કારણે સરકારની તિજોરીને નુકશાન થયું હોવાનું સ્પષ્ટ થયું છે.

તત્કાલિક મુખ્યમંત્રી મોદીના નજર હેઠળ ગુજરાત સ્ટેટ પેટ્રોલીયમ કોર્પોરેશનએ ગુજરાતની જનતાના મહેનતની કમાણીના ૧૯,૭૧૫કરોડ રુપીયા કઇ રીતે વેડફી નાંખ્યા તેનું નગ્ન સત્ય ક્રેગના રિપોર્ટમાં જાહેર થઇ ગયું છે.અને જનતાના નાણાં વેડફાયા છે.આથી આ સમગ્ર પ્રકરણની સંયુક્ત સંસદીય સમિતિ દ્વારા તપાસ થાય તે જરુરી છે.કારણકે અન્ય કોઇ સમિતિ વડાપ્રધાનની ભુમિકાની તપાસ કરી શકે નહીં.અમે આ માગણી પર અડગ છીએ.તેઓ કાયદાથી પર નથી.વડાપ્રધાન કાયદાથી પર નથી. કોગ્રેસે આ સાથે ક્રેગના રીપોર્ટ વિશે ભુતકાળમાં મોદી, સુષમા સ્વરાજ અને જેટલીએ કરેલી ટીપ્પણી દર્શાવતો વીડીયો પણ રજુ કર્યો હતો.જેમાં આ નેતાઓએ ક્રેગના રિપોર્ટનો આદર ન કરવા બદલ યુપીએ સરકાર વખતે કોગ્રેસના નેતાઓની ટીકા કરી હતી.જીએસપીસીએ કેજી બેઝિન બ્લોકમાંથી ૨૦ ટીસીએફ ગેસ શોધી કાઢ્યો છે તેવી જાહેરાત મોદી દ્વારા કરવામાં આવી હતી.આ બ્લોકને દીનદયાલ બ્લોક નામ આપવામાં આવ્યું હતું.હજુ સુધી તેનું વ્યવસાયિક ઉત્પાદન શરુ થયું નથી.કોગ્રેસ આ મુદ્દે એનડીએને સંસદમાં પરેશાન કરી શકે તેમ છે.

## અયોધ્યામાં રામ મંદિર બનાવવાના મુદ્દે મોદી સરકારને તેમના સાથીઓ દ્વારા જ ઘેરવાનો પ્રયત્ન શરુ કરવામાં આવ્યો છે

અયોધ્યામાં રામમંદિર વહેલી તકે નિર્માણ થાય તે માટે ભારતીય જનતા પાર્ટીના અમુક નેતાઓ તેમજ ભાજપની સાથે સંકળાયેલ તેમની ભગિની સંસ્થાઓએ હવે સરકાર પર દબાણની પ્રક્રિયા શરુ કરી દીધી છે.ભાજપના નેતા સુબ્રમણ્ય સ્વામી આ બાબતે નિવેદનો કર્યા બાદ સુપ્રીમ કોર્ટમાં રામમંદિરના મુદ્દે વહેલી સુનાવણી કરવા માટે કરેલી પીટીશન સુપ્રીમ કોર્ટે ફગાવી દીધી છે.હવે વિશ્વ હિંદુ પરિષદે મોદી સરકારને અપીલ કરી છે કે અયોધ્યામાં ભવ્ય રામ મંદિર નિર્માણ માટે તે સંસદમાં બિલ લાવે અથવા તો વટહુકમ જારી કરે.

વિહપના સંયુક્ત મહામંત્રી સુરેન્દ્ર જૈને જણાવ્યુ હતું કે સુપ્રીમ કોર્ટે આપેલ આદેશ પછી આ કેસનો સંસદ મારફતે જ ઉકેલ લાવી શકાય છે.તે મતનો અમારો કેસ વધારે મજબુત થયો છે.કોર્ટે આ મામલે ચુકાદામાં તેની રીતે સમય લેશે પણ લોકો વધુ સમય રાહ જોઇ શકે તેમ નથી. અને તેમની ધીરજ હવે ખુટી ગઇ છે.

જૈને કહ્યુ હતું કે મોદી માત્ર વિકાસના મુદ્દે જ વડાપ્રધાન તરીકે નથી ચુંટાયા, પણ કેટલાક મહત્વના મુદ્દાને આધારે પણ ચુંટાયા છે.જેને કહયુ કે મોદીની કાર્યપધ્ધતિ ગમે ત્યારે આશ્ચર્ય સર્જવાની છે. તેમની સરકારે રામમંદિર મુદ્દે બિલ લાવવું જોઇએ. મને ખાતરી છે કે તેઓ આમ કરશે.



વિનંતી
તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.

**ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર**

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર
પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.
મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭

ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...
ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઇન્સ્ટ્રુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઇરોમીટર તેમજ કોઇપણ સર્જીકલ આઇટમો તદન વ્યાજબી ભાવે મળશે.

**અમી સર્જીકલ**

જય ક્રિશ્ચિયન
૧૩,સહયોગ પાર્ક-૧
,ન્યુ ગામડી રોડ, આણંદ.૧
મો.:૮૨૩૮૦૦૧૯૯૯
૯૮૨૪૩૬૨૪૬૨

**ગ્લોરી કેટરીંગ સર્વીસ**

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો
ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ
સંપર્ક: જહોન એમ.મેકવાન
૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪


તંત્રીઃ પ્રશાંત ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી, ૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.